અનુસંધાન... પાના પહેલાનું

બ્રિગેડ ગ્રાઉન્ડમાં...

(ખ્રુશ્ચેવ, ફિડલ કાસ્ટ્રો) અને ડાબેરીઓની શક્તિ પ્રદર્શનનું કેન્દ્ર રહ્યું છે. ૩૪ વર્ષના ડાબેરી શાસન દરમિયાન અહીંથી જ બંગાળની સત્તાનું સંચાલન થતું હોય તેમ ભાસતું હતું.

મમતા બેનર્જીનો દબદબો: ડાબેરીઓ બાદ મમતા બેનર્જીએ આ જ મેદાન પરથી અનેક મોટી વિપક્ષી રેલીઓ યોજીને ભાજપ વિરોધી ગઠબંધનનો શંખનાદ કર્યો હતો.

ભાજપનું આગમન: જે ભાજપા એક સમયે બંગાળમાં નબળી ગણાતી હતી, તે હવે આ જ ગ્રાઉન્ડ પરથી સત્તાના દ્વાર ખોલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ આ સમારોહ દ્વારા સંદેશ આપવા માંગે છે કે બંગાળનું રાજકીય કેન્દ્ર હવે બદલાઈ ગયું છે.

ભવ્ય તૈયારીઓ...

લોકકલાનું પ્રદર્શન: કાર્યક્રમ દરમિયાન બંગાળની ઓળખ સમાન છઉ, બાઉલ અને ગંભીરા નૃત્યોની પ્રસ્તુતિ થશે. આ ઉપરાંત મહેમાનો માટે ઝાલમુરી અને રસગુલ્લાના સ્ટોલ પણ રાખવામાં આવ્યા છે.

કાયદો અને વ્યવસ્થા: સમગ્ર ગ્રાઉન્ડને વિવિધ સુરક્ષા સેક્ટરમાં વહેંચી દેવામાં આવ્યું છે અને ૪,૦૦૦થી વધુ પોલીસ જવાનો સુરક્ષામાં તૈનાત રહેશે.

બંગાળમાં સરકારો બદલાય છે, સૂત્રો બદલાય છે, પણ ઈતિહાસની મંજૂરી મેળવવા માટે દરેક પક્ષે આખરે આ 'મેદાન' પર જ આવવું પડે છે

હોર્મુઝમાં ઇરાન-...

સલાયા પહોંચતા જ વિસ્તાર અને માછીમાર સમાજમાં શોક વ્યાપી ગયો છે. અકસ્માત બાદ ઈન્ડિયન સેલિંગ વેસલ્સ એસોસિએશને તાત્કાલિક દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસને ઈમેલ મોકલીને સમગ્ર અકસ્માતની જાણકારી આપી. હાલમાં નાવિક અલ્તાફના મૃતદેહ તથા બચાવાયેલા કર્મચારીઓને ભારત પાછા લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

અમેરિકાની એક...

હસ્તક છે. તેમણે ઉમેર્યું કે સરકાર દ્વારા કાયદાના આવા મનઘડંત અર્થઘટનને પ્રોત્સાહન ન આપવું જોઈએ.

બહુમતી ન્યાયાધીશોએ ચુકાદામાં કહ્યું કે, આ કેસ સેક્શન 122 ના અર્થ અને શું રાષ્ટ્રપતિએ કાયદેસર રીતે આયાત સરચાર્જ જાહેર કરવા માટે કાયદા દ્વારા જરૂરી શરતોના અસ્તિત્વનો દાવો કર્યો છે કે કેમ તેના પર આધારિત છે. રાષ્ટ્રપતિનું જાહેરનામું એવો દાવો કરવામાં નિષ્ફળ રહ્યું છે કે તે જરૂરી શરતો સંતોષવામાં આવી છે. ન્યાયાધીશ ટિમોથી સી. સ્ટેન્સિયુ અન્ય બે ન્યાયાધીશો સાથે અસંમત હતા. શક્યતા છે કે યુએસ વહીવટીતંત્ર ગુરુવારના આ ચુકાદા સામે અપીલ કરશે.

સુવેન્દુ અધિકારી બંગાળના...

તરીકે શપથ લેવા માટે આમંત્રણ આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે. પાર્ટીને આશા છે કે આ કાર્યક્રમ બંગાળના રાજકીય પરિવર્તનને રેખાંકિત કરશે. પશ્ચિમ બંગાળ એવું બીજું રાજ્ય છે જ્યાં પ્રથમ વખત ભાજપના મુખ્યમંત્રી બની રહ્યા છે. ગયા મહિને, સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, કારણ કે તે રાજ્યમાં પ્રથમ વખત ભાજપના નેતૃત્વવાળી સરકાર બની હતી.

કોંગ્રેસમાંથી તૃણમૂલમાં...

મંત્રી પદેથી રાજીનામું આપ્યું, જેનાથી તીવ્ર રાજકીય અટકળો શરૂ થઈ હતી. અઠવાડિયાઓ પછી, તેઓ ભાજપમાં જોડાયા જે 2021ની ચૂંટણી પહેલા શાસક TMC માટે મોટો ફટકો હતો. તેમના આ પક્ષપલટાએ બંગાળના રાજકીય લેન્ડસ્કેપને નાટ્યાત્મક રીતે બદલી નાખ્યું. જો કે ભાજપ 2021માં સરકાર બનાવવામાં નિષ્ફળ રહી અને 77 બેઠકો જીતી, પરંતુ અધિકારી વિરોધ પક્ષના નેતા તરીકે ઉભરી આવ્યા અને વિધાનસભાની અંદર અને બહાર મમતા સરકાર સામે પક્ષનો સૌથી આક્રમક અવાજ બન્યા. તેમણે ૨૦૨૧માં મમતાને નંદીગ્રામ બેઠક પરથી અને હાલમાં ભવાનીપુર બેઠક પરથી હરાવ્યા હતા.

તમિલનાડુમાં વિજયની...

સ્પષ્ટ કરશે. બીજી તરફ, IUML એ પણ વિજયને બદલે સ્ટાલિનને સમર્થન જાહેર કરીને મોટો ઝટકો આપ્યો છે. આ અનિશ્ચિતતાને કારણે શનિવારના શપથ ગ્રહણ સમારોહ પર સંકટના વાદળો છવાયા છે. જ્યારે કેટલાક નિષ્ણાતો કહે છે કે સૌથી મોટા પક્ષ તરીકે ગવર્નરે વિજયને સરકાર રચવા આમંત્રણ આપી દેવું જોઇએ, પછી ગૃહમાં બહુમતિ પુરવાર કરવાની જવાબદારી વિજયની રહેશે.

તમિલનાડુ ચૂંટણી 2026 માં વિજયની પાર્ટી TVK એ 108 બેઠકો જીતી છે. વિજય પોતે બે બેઠકો પરથી જીત્યા હતા, તેથી અસરકારક સંખ્યા 107 છે.તેમને કોંગ્રેસ (5) અને લેફ્ટ પાર્ટીઓ (4) નું સમર્થન મળ્યું છે, જેનાથી આંકડો 116 પર પહોંચ્યો છે. સરકાર બનાવવા માટે જાદુઈ આંકડો ૧૧૮ છે, જેના માટે તેમને વધુ બે ધારાસભ્ય અથવા કોઈ પક્ષના સમર્થનની અનિવાર્ય જરૂર છે. આ ખેંચતાણ અને 'લેટર ઓફ સપોર્ટ' ન મળવાને કારણે રાજભવને હજુ સુધી શપથ ગ્રહણના સમયની સત્તાવાર પુષ્ટિ કરી નથી. દરમ્યાન, વિજયના પક્ષના એક સભ્યએ સુપ્રીમમાં અરજી કરી છે કે તે સરકાર રચવા માટે વિજયને આમંત્રણ આપવા રાજ્યપાલને આદેશ કરે.

જાહેર નોટીસ

નગર રચના યોજના નં.૫૫(દેલાડવા-મોહિણી-નિયોલ)

નગર રચના યોજના નં. ૫૫(દેલાડવા-મોહિણી-નિયોલ) સુરતની મુસદ્દારૂપ યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે.સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી અત્રેની કચેરીએ જારીમાં છે. સદર યોજનાની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત અન્વયે સદર યોજના વિસ્તારમાં સમાવિષ્ટ થતા નીચે સુચવેલ બ્લોક/રિ.સર્વે નંબરો તથા રસ્તા, ખાડી, તળાવ, ખાર, કેનાલ વાળી જમીનોની સુનવણી નીચે દર્શાવેલ દિન અને સમયે રાખવામાં આવેલ છે.

*** તા.૨૧/૦૫/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)**

મોજે: દેલાડવાના બ્લોક નંબર : ૧૧૩/અ/૧/પૈકી, ૧૧૩/બ, ૧૧૪/પૈકી, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮/પૈકી, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩/અ, ૧૨૩/બ, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫/૨/પૈકી, ૧૩૫/૧, ૧૩૭/પૈકી, ૧૩૮/પૈકી, ૧૩૯/પૈકી, ૧૪૦, ૧૪૧/પૈકી, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮/પૈકી, ૧૫૯, ૧૬૦/પૈકી, ૧૬૦/પૈકી, ૧૬૧/પૈકી, ૧૬૧/પૈકી, ૧૬૨/પૈકી, ૧૬૨/પૈકી, ૧૬૩.

*** તા.૨૨/૦૫/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)**

મોજે: દેલાડવાના બ્લોક નંબર : ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨/અ, ૧૭૨/બ, ૧૭૩+૧૮૪/બ, ૧૮૪/અ/પૈકી, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧/પૈકી, ૧૮૨/પૈકી, ૧૮૩/પૈકી, ૨૨૯/પૈકી, ૨૩૦/પૈકી, ૨૩૧, ૨૩૨/પૈકી, ૨૩૨/પૈકી, ૨૩૩/બ, ૨૩૩/અ, ૨૩૪, ૨૩૫, ૨૩૬/પૈકી, ૨૩૬/પૈકી, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫/અ/પૈકી, ૨૪૫/બ, ૨૪૫/ક/પૈકી, ૨૪૬/પૈકી, ૨૪૭/પૈકી, ૨૪૯/ક/પૈકી, ૨૫૦/પૈકી, ૨૫૦/પૈકી, ૨૬૨/પૈકી, ૨૬૩/પૈકી, ૨૬૪/પૈકી.

મોજે: મોહિણીના બ્લોક નંબર : ૮૧, ૯૩/પૈકી, ૯૪.

*** તા.૨૮/૦૫/૨૦૨૬ (સવારે સમય ૧૧:૩૦ થી ૦૧:૩૦ તથા ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાકે)**

મોજે: મોહિણીના બ્લોક નંબર : ૯૫, ૯૬, ૯૭/અ, ૯૭/બ, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧/અ, ૧૦૧/બ, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫/પૈકી, ૧૧૫/પૈકી, ૧૧૬/પૈકી, ૧૧૬/પૈકી, ૧૧૭, ૧૧૮/પૈકી, ૧૧૮/પૈકી, ૧૧૯/પૈકી, ૧૧૯/પૈકી, ૧૨૦, ૧૨૧, ૧૨૨/પૈકી, ૧૨૨/પૈકી, ૧૨૩/પૈકી, ૧૨૩/પૈકી, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮/પૈકી, ૧૨૯, ૧૩૦, ૧૩૧/અ, ૧૩૧/બ, ૧૩૧/ક, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭/પૈકી, ૧૩૮/પૈકી, ૧૩૯/પૈકી, ૧૪૦/પૈકી, ૧૬૪/પૈકી, ૧૬૫/પૈકી, ૧૬૮/પૈકી

મોજે: નિયોલના બ્લોક નંબર : ૨૫૬/અ/૧/પૈકી, ૨૫૬/અ/૨/પૈકી, ૨૫૭/પૈકી, ૨૫૫/પૈકી, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૨૬૪, ૨૬૫/પૈકી, ૧૪૧/પૈકી તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ કેનાલ, હયાત બિન નંબરી નાળીયા, ખાડી, મારગની જમીનો.

નગર રચના યોજના નં.૫૫(દેલાડવા-મોહિણી-નિયોલ)ની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્તમાં ઉક્ત સમાવિષ્ટ જમીનો અંગે સમજણ મેળવવા તથા રજુઆત કરવા અત્રેની કચેરીએથી તમામ સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરવાની કાર્યવાહી જારીમાં છે. જેથી ઉક્ત સુચવેલ રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો અન્વયે સુનવણી/રજૂઆત કરવા ઉપરોક્ત દિન તેમજ નિર્ધારીત કરેલ સમયે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અદ્યતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ ધ્વારા મંજુર કરેલ લે-આઉટ પ્લાન/વિકાસ પરવાનગી/બાંધકામના નકશાની પ્રમાણિત નકલ, બિનખેતી હુકમની પ્રમાણીત નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત અંગે જરૂરી સમજણ મેળવી રજુઆત કરવા અંગે અનુકુળતા સાધવા માટે જણાવવામાં આવે છે.

સ્થળ: સુરત

તા.૦૭/૦૫/૨૦૨૬

કચેરીનું સરનામુ:-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૩,
સુરત નગર રચના યોજના એકમ-૧, સુરત
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

(આદિત્ય એમ.પટેલ)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩,
સુરત નગર રચના યોજના એકમ-૧,
સુરત.

ક્રમાંક: માહિતી-સૂરત/૮૬/૨૦૨૬

જાહેર નોટીસ

નગર રચના યોજના સુરત નં. ૯૦ (સરસાણા)

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૯૦(સરસાણા), સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ યોજનાની પ્રારંભિક યોજનાની સુચિત કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તની સુનાવણી બાબતે અત્રેથી નોટીસ બજાવવામાં આવેલ અને સુનાવણી નું કામકાજ તા.૧૬/૦૪/૨૦૨૬ થી તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.

આમ યોજના વિસ્તારમાં માલિકી ધરાવતી, હિત, સંબધ ધરાવતી કે ભાડુઆત, કબ્જા હક્ક ધરાવતી દરેક વ્યક્તિઓને નામ કે સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોઈ તો તેવી વ્યક્તિઓ/ઈસમોને આ જાહેર નોટીસ ધ્વારા જણાવવામાં આવે છે કે, આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૦૭ (સાત) માં નીચે જણાવેલ સરનામે રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમ્યાન નીચે સહી કરનાર નગર રચના અધિકારી સમક્ષ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અદ્યતન અસલ નકલ, સરનામાની વિગતો, સક્ષમ સત્તામંડળ ધ્વારા મંજુર કરેલ લે-આઉટ/બાંધકામના નકશાની નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી સદરહુ પ્રારંભિક યોજનાની સુચિત કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તની અંગે સમજણ મેળવી રજુઆત કરી શકશે.

ઉક્ત મુદ્દત દરમિયાન યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી અન્ય વ્યક્તિઓ તરફથી જો કોઈ રજુઆત કરવામાં નહી આવે તો પ્રારંભિક યોજનાની સુચિત કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્ત બાબતે તેઓએ કાંઈ કહેવાનું નથી તેમ સમજી અત્રે ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ ધ્યાને લઈ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અને અધિનિયમ- ૧૯૭૬ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાની દરખાસ્તો આખરી કરવા સંબંધિત આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અન્વયે લીધેલ નિર્ણય તેઓને માન્ય તેમજ બંધનકર્તા રહેશે. જેની દરેકે નોંધ લેવા વિનંતી છે.

-: પરિશિષ્ટ :-

નગર રચના યોજના નં. ૯૦ (સરસાણા) સુરતમાં મોજે: સરસાણા ના બ્લોક નં. ૧ થી ૬, ૭/અ, ૭/બ, ૮ થી ૧૬, ૧૭/અ, ૧૭/બ, ૧૮ થી ૫૩, ૫૪/૮૦, ૫૪/પૈ, ૫૫, ૫૬, ૫૭/પૈ, ૫૭/અ, ૫૭/બ/૫૦ થી ૫૭/બ/૬૭, ૫૭/બ/૭૭ થી ૫૭/બ/૭૯, ૫૮, ૫૯/૪૦ થી ૫૯/૪૨, ૬૦, ૬૧/૩૩ થી ૬૧/૩૯, ૬૨/૧૫, ૬૨/૧૬, ૬૨/૨૫ થી ૬૨/૨૭, ૬૩/૧૯ થી ૬૩/૨૪, ૬૪/૨૦, ૬૪/૨૧, ૬૫/૬ થી ૬૫/૯, ૬૬/૧૦, ૬૬/૧૧, ૬૬/૧૨, ૬૬/૧૭, ૬૬/૧૮, ૬૬/૩, ૬૬/૪, ૬૬/૫, ૬૭/૧, ૬૭/૧૩, ૬૭/૧૪, ૬૭/૨, ૬૮, ૬૯/૨૮, ૬૯/૪૩, ૬૯/૪૪, ૬૯/૪૫, ૬૯/૪૬, ૭૦ થી ૮૦, ૮૧/૬૮ થી ૮૧/૭૬, ૮૨ થી ૯૨, ૯૩/અ, ૯૩/બ, ૯૪ થી ૧૦૨, ૧૦૩/અ, ૧૦૩/બ, ૧૦૩/ક, ૧૦૩/ડ, ૧૦૪ થી ૧૨૪, ૧૫૦ થી ૧૫૨, ૧૫૩/પૈ, ૧૫૩/અ, ૧૫૩/બ/૨૮૩, ૧૫૩/બ/૨૮૪, ૧૫૩/બ/૨૮૫, ૧૫૩/બ/૪ થી ૧૫૩/બ/૩૫, ૧૫૩/બ/૬૦ થી ૧૫૩/બ/૮૦, ૧૫૩/બ/૧૧૫, ૧૫૩/બ/૧૨૦ થી ૧૫૩/બ/૧૨૭, ૧૫૩/બ/૧૨૭/અ, ૧૫૩/બ/૧૨૮, ૧૫૩/બ/૧૨૮/અ, ૧૫૩/બ/૧૨૯, ૧૫૩/બ/૧૨૯/બ, ૧૫૩/બ/૧૩૦ થી ૧૫૩/બ/૧૩૮, ૧૫૩/બ/૧૬૬ થી ૧૫૩/બ/૧૭૬, ૧૫૩/બ/૧૭૬/અ, ૧૫૩/બ/૧૭૬/બ, ૧૫૩/બ/૧૭૭ થી ૧૫૩/બ/૧૯૦, ૧૫૩/બ/૨૩૧ થી ૧૫૩/બ/૨૩૮, ૧૫૩/બ/૨૪૦ થી ૧૫૩/બ/૨૪૨, ૧૫૩/બ/૨૭૮, ૧૫૪/અ, ૧૫૪/બ/૧ થી ૧૫૪/બ/3, ૧૫૪/બ/પૈ, ૧૫૪/બ/૮૧ થી ૧૫૪/બ/૧૧૨, ૧૫૪/બ/૧૩૯ થી ૧૫૪/બ/૧૬૫, ૧૫૪/બ/૧૯૧ થી ૧૫૪/બ/૨૩૦, ૧૫૪/બ/૨૪૩ થી ૧૫૪/બ/૨૮૨, ૧૫૪/બ/૩૭ થી ૧૫૪/બ/૪૨, ૧૫૪/બ/૪૨/અ, ૧૫૪/બ/૪૩ થી ૧૫૪/બ/૪૮, ૧૫૪/બ/૫૦, ૧૫૫ થી ૧૫૭, ૧૫૮/પૈકી/૧, ૧૫૮/પૈકી/૨, ૧૫૯ થી ૧૭૩, ૧૭૪/અ, ૧૭૪/બ/૧, ૧૭૪/બ/૨, ૧૭૪/બ/૩, ૧૭૪/બ/અ/૧ થી ૧૭૪/બ/અ/૬૦, ૧૭૪/બ/બ/૧ થી ૧૭૪/બ/બ/૭૨, ૧૭૫ થી ૨૧૦, ૨૧૧/અ, ૨૧૧/બ, ૨૧૧/ક, ૨૧૨ થી ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮/અ, ૨૨૮/બ, ૨૨૯, ૨૩૦, ૨૩૧/અ, ૨૩૧/બ, ૨૩૨, ૨૩૩/અ/૧, ૨૩૩/અ/૨, ૨૩૩/બ, ૨૩૪ થી ૨૩૮, ૨૩૯/અ, ૨૩૯/બ, ૨૪૦ થી ૨૪૩, ૨૪૪/અ, ૨૪૪/બ, ૨૪૫, ૨૪૬/અ, ૨૪૬/બ, ૨૪૭ થી ૨૫૯, ૨૬૦/અ, ૨૬૦/બ, ૨૬૧ થી ૨૭૦નો સમાવેશ થાય છે.

સ્થળ: સુરત

તારીખ:૦૪/૦૫/૨૦૨૬

કચેરીનું સરનામુ -:
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૩,
સુરત નગર રચના યોજના, એકમ-૨, સુરત બીજો માળ, જુની વરાછા (ઈસ્ટ) ઝોન ઓફિસ, ઝવેરચંદ મેઘાણી બાગની પાછળ, મીની બજાર, વરાછા,
સુરત-૩૯૫૦૦૬ ફોન:- ૦૨૬૧-૨૯૯૭૦૧૦
Email Id: stp-tpo2-srt@gujarat.gov.in

(પી.એન.તિવારી)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩
સુરત નગર રચના યોજના એકમ-૨ સુરત.

ક્રમાંક: માહિતી-સૂરત/૮૮/૨૦૨૬

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર

જાહેર નિવિદા નં - ૩૬ (સુધારો) સને ૨૦૨૫-૨૬,

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા કામો અને ખાસ મરામતના બિલ્ડીંગ બે કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા અનુભવ ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૭.૦૬ લાખ થી ૧૩.૯૫ લાખ ની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૧/૦૫/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૩૭/૨૦૨૬-૨૭

ટુંકી મુદતની જાહેર નિવિદા

નિવિદાનં.૧/૨૦૨૬-૨૭

તાલુકા પંચાયત કચેરી ઉચ્છલ તરફથી માન્ય ઈજારદારો પાસેથી જુના જર્જરીત મકાનોના ડિમોલેશન માટે જાહેરાત આપવામા આવે છે જેની ન્યુનત્તમ રકમ-રૂ ૪૮૨૨૬૨ રાખવામા આવેલ છે. કામની શરતો/વિગતો જાહેર રજાનાં દિવસ સિવાય તા.પં ના નોટીસ બોર્ડ પર જાહેરાત પછીનાં દિવસથી જોવા મળશે. ઈજારદારોએ જાહેરાત પ્રસિધ્ધ થવાનાં દિન-૭ માં ભાવપત્રકો મોકલવાનાં રહેશે.

ક્રમાંક : માહિતી-સૂરત/૮૯/૨૦૨૬

જાહેર નિવિદા નં- ૦૨(સુધારો) સને ૨૦૨૬-૨૭

માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજય

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી,વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના મકાનોના કુલ ૧૨ કામો જેની અંદાજીત રકમ ૧૪.૯૮ લાખ થી ૨૦.૨૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૭-૦૫-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

ન. માહિતી/વલસાડ/સુ/૮૦/૨૦૨૬

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ.
ટુકી મુદતની નિવિદા નં.૧૫, સને ૨૦૨૬-૨૭
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ ધ્વારા ચેકડેમ/ ચેકડેમ કમ કોઝવે, સામુહિક કુવા, પુર સંરક્ષણ દિવાલના કુલ -૩૧કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૮.૮૫ લાખથી રૂ. ૪૦.૭૫ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૧/૦૫/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	**તારીખ:૧૮/૦૫/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી.**
૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ	**તારીખ-૨૧/૦૫/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.)**
૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ	**તારીખ:૨૨/૦૫/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ. (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪)**

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે

ન. માહિતી/વલસાડ/૮૨/૨૦૨૬

RAJHANS

ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

ભૂતબંગલા ૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦

ધબકારો ગુજરાતી : ૧૧.૧૫, ૧.૪૫, ૪.૧૫, રાત્રે ૯.૪૫

રાજા શિવાજી ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦ રાત્રે ૧૦.૧૫

વાંકીચુકી લવસ્ટોરી ગુજરાતી : ૬.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007

Book Tickets Now from : bookmyshow.com Paytm : @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

દાદી કી શાદી ૯.૧૦, ૧.૦૦, ૨.૩૫, ૬.૨૫, રાત્રે ૮.૧૦

ધબકારો (ગુજરાતી) ૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૫.૨૦, રાત્રે ૮.૫૦

રાજા શિવાજી ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૨.૫૦, ૪.૦૦, રાત્રે ૯.૨૦, ૧૦.૩૦, ૧૧.૦૦

વાંકીચુકી લવસ્ટોરી (ગુજરાતી) ૧૨.૦૦, ૫.૨૦, ૭.૨૫

ભૂતબંગલા ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૩૫, ૩.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫, ૧૧.૧૫

ગુલકંદી (ગુજરાતી)૧૧.૩૦, ૧૨.૦૦, ૭.૦૦

મોર્ટલ કોમબર્ટ-2 (હિન્દી) ૯.૨૦, ૩.૧૦, ૫.૨૫, રાત્રે ૧૦.૩૦

લક્ષ્યવેધ (ગુજરાતી) ૧૨.૩૦

મૈં એક્ટર નહી હું (હિન્દી) ૭.૪૫

ડી.જી.એસ. હોસ્ટેલ (ગુજરાતી) ૪.૩૦

કૃષ્ણાવતારમ-1 ૯.૧૦, ૨.૩૦, ૪.૩૫, ૭.૪૫, રાત્રે ૧૦.૦૦

બહેરૂપિયો (ગુજરાતી) ૬.૦૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ

જબરજસ્ત ફુલ એક્શન સ્ટોરી

ડાકોઈટ

મૃણાલ ઠાકુર, અવિદી સેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

ઐતિહાસિક હીટ ફિલ્મ

રાજા શિવાજી

રિતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
CIN U40102GJ2003SGC042909
વઘઇ વિભાગીય કચેરી, વઘઇ

DGVCL

ડીજીવીસીએલ ટોલ ફ્રી નંબરઃ- ૧૯૧૨૩ (૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સમય અને તારીખના રોજ સબ-સ્ટેશનનું/ ફિડરનું અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પુરવઠો બંધ રહેશે. જેની તમામ વિજ વપરાશ કરનાર ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે.

અનુ. નં	સબસ્ટેશન	ફીડર	કેટેગરી	સબડીવીઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ	વાર	સમય
૧	૬૬ કે.વી. અનાવલ	૧૧ કેવી તમામ ફીડરો	જ્યોતિગ્રામ/ ખેતીવાડી	અનાવલ	૧૯૧૨૩	૦૯/૦૫/૨૦૨૬	બુધવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦
૨	૬૬ કે.વી. ભીનાર					૧૧/૦૫/૨૦૨૬	સોમવાર	
૩	૬૬ કે.વી. પ્રતાપનગર					૧૫/૦૫/૨૦૨૬	શુક્રવાર	
૪	૬૬ કે.વી. લીમઝર			પીપલખેડ				
૫	૬૬ કે.વી. લાછકડી							
૬	૬૬ કે.વી. અંકલાછ							

નોંધ:- જો કામ વહેલું પુરું થશે તો અગાઉથી ખબર આપ્યા વિના વિજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે

કાર્યપાલક ઈજનેર (સં અને નિ)વઘઇ વિભાગીય કચેરી

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો"

લક્ઝરી ક્રુઝ પર દેખાયેલા હંતા વાયરસને કારણે દુનિયાભરમાં કેમ ચિંતા ફેલાઈ ગઈ છે?

દૃષ્ટિ પોઇન્ટ ■ સંજય વોરા ■

પાંચેક વર્ષ પહેલાં દુનિયાનાં લોકોને કોરોના વાયરસથી ડરાવીને લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું તેમ આજકાલ હંતા વાયરસને કારણે વિશ્વભરમાં ભય ફેલાવાઈ રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે આ વાયરસ સામાન્ય રીતે ઉંદરોનાં પેશાબ, લાળ અથવા મળ દ્વારા ફેલાય છે, પરંતુ જો તે એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાય છે, તો તે અત્યંત ખતરનાક સાબિત થઈ શકે છે. હંતા વાયરસનાં લક્ષણો શરૂઆતમાં સામાન્ય ફ્લૂ જેવાં જ હોય છે. તેમાં તાવ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો, પેટ ખરાબ થવું અને હળવી ઉધરસનો સમાવેશ થાય છે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે ઘણાં લોકોને કોઈ લક્ષણોનો અનુભવ થતો નથી. ગંભીર કિસ્સાઓમાં હંતા વાયરસ કિડનીને અસર કરી શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ પેદા કરી શકે છે. નવા શોધાયેલા ન્યૂ વર્લ્ડ હંતા વાયરસ ઝડપથી ફેફસાંમાં ફેલાય છે, જે વાયુમાર્ગમાં અવરોધ પેદા કરી શકે છે. હંતા વાયરસ સામાન્ય ફ્લૂ કરતાં વધુ ખતરનાક છે. એશિયા અને યુરોપમાં હંતા વાયરસથી મૃત્યુદર ૧૪ ટકા સુધી હોઈ શકે છે.

અમેરિકામાં આ વાયરસથી મૃત્યુદર વધુ હોઈ શકે છે. જ્યારે ફ્લૂથી મૃત્યુ થવાની શક્યતા ઓછી છે, ત્યારે હંતા વાયરસનો ચેપ ફેફસાં અને કિડનીને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. આ વાયરસનું નામ દક્ષિણ કોરિયાની હંતાન નદી પરથી રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોએ સૌ પ્રથમ ૧૯૭૮ માં આ વિસ્તારમાં રહસ્યમય તાવના અહેવાલો પછી વાયરસની ઓળખ કરી હતી.

પછીથી જાણવા મળ્યું કે આ ચેપ મુખ્યત્વે ઉંદરો અને અન્ય પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે. હાલમાં હંતા વાયરસ માટે કોઈ ચોક્કસ રસી કે દવા ઉપલબ્ધ નથી. ડોક્ટરો દર્દીઓની સારવાર તેમનાં લક્ષણોના આધારે કરે છે. સમયસર હોસ્પિટલમાં દાખલ થવા અને ઓક્સિજન સપોર્ટથી બચવાની શક્યતા વધી જાય છે. કેટલાક કિસ્સાઓમાં સારવાર માટે એન્ટિવાયરલ દવા રિબાવિરિનનો ઉપયોગ થાય છે, પરંતુ તે તમામ પ્રકારના ચેપ સામે અસરકારક સાબિત થયું નથી.

આર્જેન્ટિનાથી કેપ વર્ડે જતી લક્ઝરી ક્રુઝ શિપમાં ત્રણ લોકોનાં મોત થયાં છે અને એકને આ વાયરસનો ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ છે. દુનિયાભરની આરોગ્ય એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. લોકો વિચારી રહ્યાં છે કે શું ભવિષ્યમાં આ વાયરસ કોરોના વાયરસની જેમ ફેલાઈ શકે છે? હંતા વાયરસથી સંક્રમિત બે લોકો અને એક શંકાસ્પદ કેસને ઘાતક વાયરસના પ્રકોપથી અસરગ્રસ્ત જહાજમાંથી બચાવી લેવામાં આવ્યા છે અને ઓછામાં ઓછા ૧૫૦ લોકોને લઈને જહાજ હવે કેપ વર્ડેથી સ્પેનના કેનેરી ટાપુઓ માટે રવાના થઈ ગયું છે. જહાજમાં તેના ક્રૂમાં બે ભારતીય નાગરિકો પણ સામેલ છે. જો કે, તેમાંથી કોઈની સ્થિતિ જાણી શકાઈ નથી.

જહાજના ફૂટેજમાં આરોગ્ય કર્મચારીઓ રક્ષણાત્મક ગિયર પહેરીને ત્રણ દર્દીઓને બહાર કાઢતાં દેખાય છે, જેમાં એક બ્રિટિશ ડોક્ટરનો પણ સમાવેશ થાય છે. બુધવારે સાંજે બે દર્દીઓ એમ્સ્ટરડેમ એરપોર્ટ પર પહોંચ્યાં હતાં અને તેમને અલગ અલગ હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યાં હતાં. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર ત્રણ લોકોનાં મોત થયાં છે અને એક મૃતદેહ હજુ પણ જહાજ પર છે.

WHOના ટોચના રોગચાળાના નિષ્ણાતે કહ્યું છે કે આ ઘટના અત્યંત દુર્લભ છે. યુરોપ અને આફ્રિકાના આરોગ્ય અધિકારીઓ એવાં લોકોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે જેઓ ૧ એપ્રિલના રોજ દક્ષિણ અમેરિકાથી એન્ટાર્કટિકા અને એટલાન્ટિક મહાસાગરના ઘણા દૂરના ટાપુઓ માટે નીકળેલા જહાજમાંથી ઊતરેલાં લોકોના સંપર્કમાં આવ્યાં હશે. આ રોગચાળાની તપાસ કરી રહેલા આર્જેન્ટિનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર માને છે કે વિમાનમાં ચઢતાં પહેલાં ઉશુઆયા શહેરમાં પક્ષી શો જોઈ રહેલા એક ડચ દંપતીને વાયરસ લાગ્યો હશે. ડચ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વિમાનમાંથી બહાર કાઢવામાં આવેલાં ત્રણ લોકોમાં ૪૧ વર્ષીય ડચ નાગરિક, ૫૬ વર્ષીય બ્રિટિશ નાગરિક અને ૬૫ વર્ષીય જર્મન નાગરિકનો સમાવેશ થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) એ જણાવ્યું હતું કે સેનેગલમાં હાથ ધરાયેલાં પરીક્ષણોમાં પુષ્ટિ મળી હતી કે જહાજમાંથી બહાર કાઢવામાં આવેલાં બે લોકો હંતા વાયરસથી સંક્રમિત હતાં. ડચ જહાજ સંચાલકે જણાવ્યું હતું કે તેમાંથી બે વ્યક્તિની હાલત ગંભીર હતી, જ્યારે ત્રીજી વ્યક્તિમાં કોઈ લક્ષણો નહોતાં પરંતુ તે MV હોન્ડિયસમાં મૃત્યુ પામેલા જર્મન મુસાફર સાથે નજીકના સંપર્કમાં હતો. WHO એ હવે જેમનાં નાગરિકો દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં સ્થિત બ્રિટિશ પ્રદેશ સેન્ટ હેલેના ખાતે ક્રુઝ શિપ MV Hondius માંથી ઊતરી ચૂક્યાં છે તેવા ૧૨ દેશોને જાણ કરી છે. આ ૧૨ દેશોમાં કેનેડા, ડેનમાર્ક, જર્મની, નેધરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, સેન્ટ કિટ્સ અને નેવિસ, સિંગાપોર, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

WHOના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે જીનીવામાં એક મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે જો જાહેર આરોગ્ય પગલાં ઝડપથી અને યોગ્ય રીતે લેવામાં આવે તો એજન્સી હાલમાં ચેપ મર્યાદિત રહેવાની અપેક્ષા રાખે છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે જેમ જેમ ઘણા દેશો મુસાફરો અને તેમના સંપર્કમાં આવેલાં લોકોની તપાસ ચાલુ રાખશે, તેમ તેમ વધુ કેસ બહાર આવી શકે છે. WHO એ જણાવ્યું હતું કે આર્જેન્ટિનાની લેબમાંથી પાંચ દેશોમાં લગભગ ૨,૫૦૦ હંતા વાયરસ ટેસ્ટ કીટ મોકલવામાં આવી રહી છે. દરમિયાન, એમવી હોન્ડિયસ જહાજમાંથી ક્વોરેન્ટાઇન કરાયેલા બે શંકાસ્પદ હંતા વાયરસ દર્દીઓ સ્પેનના કેનેરી ટાપુઓમાં ગ્રાઉન્ડેડ એર એમ્બ્યુલન્સમાં રહે છે.

તેઓ ટેકનિકલ સમસ્યા સર્જાયા બાદ રિપ્લેસમેન્ટ વિમાનની રાહ જોઈ રહ્યા છે. આ વિમાન કેપ વર્ડેથી રવાના થયું હતું અને એમ્સ્ટરડેમ જતાં મોરોક્કન શહેર મરાકેશમાં ઈંધણ ભરવા માટે રોકાવાનું હતું. મોરોક્કન અધિકારીઓએ ત્યાં ઉતરાણ કરવાની પરવાનગી નકારી કાઢી હતી. ફ્યુઅલિંગ દરમિયાન વિમાનના ડોક્ટરે દર્દીની ઇલેક્ટ્રિકલ સપોર્ટ સિસ્ટમમાં ખામીની જાણ કરી હતી. સ્પેને કહ્યું હતું કે તે હંતા વાયરસથી પ્રભાવિત જહાજ એમવી હોન્ડિયસને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કેનેરી ટાપુઓમાં પ્રવેશવાની મંજૂરી આપશે. યુરોપિયન સેન્ટર ફોર ડિસીઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ (ECDC) હાલમાં જહાજની પરિસ્થિતિનું વિગતવાર મૂલ્યાંકન કરી રહ્યું છે, જેથી નક્કી કરી શકાય કે કયા મુસાફરોને કેપ વર્ડે તાત્કાલિક સ્થળાંતરની જરૂર છે.

ભારતમાં હંતા વાયરસના કેસ ભાગ્યે જ જોવા મળે છે, માટે આ સમયે ભારતનાં લોકોએ હંતા વાયરસથી ગભરાવાની જરૂર નથી. તમિલનાડુની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં ડૉ. સારાહ ચાંડીના નેતૃત્વ હેઠળ આ વાયરસનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તાજેતરનાં વર્ષોમાં ભારતમાં થોડા કેસ જોવા મળ્યા છે, પરંતુ તે ખૂબ જ દુર્લભ છે. ડોક્ટરો સલાહ આપે છે કે ઉંદરોના સંપર્ક પછી જે કોઈને પણ ખૂબ તાવ અને શ્વાસ લેવામાં તકલીફનો અનુભવ થાય છે, તેમણે તબીબી સહાય લેવી જોઈએ. નિષ્ણાતો કહે છે કે હાલમાં ગભરાવાની જરૂર નથી, પરંતુ સ્વચ્છતા, ઉંદરોથી અંતર અને સાવધાનીની ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જો ઘર, દુકાન, વેરહાઉસ અથવા નજીકમાં ઉંદરોની ખૂબ હિલચાલ હોય તો હંતા વાયરસના ચેપનું જોખમ વધી જાય છે. લાંબા સમયથી બંધ પડેલા રૂમ, સ્ટોર રૂમ અથવા જૂનાં મકાનોની સફાઈ કરતી વખતે ખાસ કાળજી લેવાની જરૂર છે, કારણ કે ઉંદરના સૂકા મળ અથવા પેશાબના કણો હવામાં ભળીને શરીરમાં પહોંચી શકે છે. તેના શરૂઆતનાં લક્ષણો સામાન્ય વાયરલ તાવ જેવાં હોય છે, તેથી લોકો ઘણી વાર તેને અવગણે છે. પરંતુ જો ખૂબ તાવની સાથે શ્વાસ લેવામાં તકલીફ શરૂ થાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ વાયરસનું નામ દક્ષિણ કોરિયાની હંતાન નદી પરથી રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોએ ૧૯૭૮ માં આ વિસ્તારમાં રહસ્યમય તાવના અહેવાલો પછી વાયરસની ઓળખ કરી હતી

ભગવાન કૃષ્ણના જીવનની સફર દર્શાવતી 'કૃષ્ણાવતારમ - ભાગ 1'



મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ

ફિલ્મ: કૃષ્ણાવતરમ - પાર્ટ 1: હૃદયમ

રેટીંગ

★☆☆☆☆

એક લાઇનનો પ્રતિભાવ

સત્યભામાના પ્રેમમાં ડૂબેલી આ કૃષ્ણ લીલા મોટા પડદા પર મનમોહક લાગે છે.

પ્રકાશ કાપડિયા અને રામ મોરી લિખિત 'કૃષ્ણાવતારમ' એક પૌરાણિક ડ્રામા છે, જે ભગવાન કૃષ્ણની દ્વારકાથી કુરુક્ષેત્ર સુધીની સફર અને રાધા, રુક્મિણી તથા સત્યભામા સાથેના તેમના સંબંધો પર આધારિત છે. ફિલ્મમાં પ્રેમ, કર્તવ્ય અને જીવનના ગહન અર્થોને વણી લેવામાં આવ્યા છે. વાર્તામાં રંગ અને ડ્રામા હોવા છતાં લેખન વિખરાયેલું લાગે છે. ઘણી ઘટનાઓ પૂર્વભૂમિકા વગર સીધી જ રજૂ કરી દેવામાં આવી છે. ફિલ્મનો ફર્સ્ટ હાફ ઘણો ધીમો છે અને પ્રેક્ષકોની ધીરજની કસોટી કરે છે, જોકે મધ્યાંતર પછીનો ભાગ વધુ રોમાંચક અને ઉત્તેજનાસભર છે.

અભિનયની વાત કરીએ તો, પાત્રો યોગ્ય રીતે સ્થાપિત ન હોવાથી કલાકારો જોઈએ તેવો પ્રભાવ પાડી શકતા નથી. સિદ્ધાર્થ ગુપ્તા કૃષ્ણ તરીકે સરેરાશ છે અને પડદા પર દિવ્યતાનો અનુભવ કરાવવામાં નિષ્ફળ રહે છે. સંસ્કૃતિ જયના (સત્યભામા) અને નિવાશિની કૃષ્ણને (રુક્મિણી) સારું કામ કર્યું છે, જ્યારે જેકી શ્રોફ ગોપાલદાસ તરીકે પોતાની છાપ છોડે છે. ફિલ્મના સંવાદો ઉમદા છે, પરંતુ ભાવનાત્મક દ્રશ્યો પ્રેક્ષકોને રડાવવા કે સ્પર્શવામાં સફળ થતા નથી. આ ફિલ્મ વયસ્ક અને ધાર્મિક શ્રોતાઓને ગમી શકે છે, પરંતુ યુવા પેઢી કદાચ તેનાથી દૂર રહે તેવી શક્યતા છે.

અભિનેતા: સિદ્ધાર્થ ગુપ્તા, સુષ્મિતા ભટ, સંસ્કૃતિ જયના, નિવાશિયની કૃષ્ણન, જે કાર્તિક **નિર્માતા:** ક્રિએટીવલેન્ડ સ્ટુડિયોસ એન્ટરટેઇનમેન્ટ એલએલપી, અથશ્રીકથા મોશન પિક્ચર્સ એલએલપી **નિર્દેશક:** હાર્દિક ગજ્જર